# GOVERNMENT COMMERCE COLLEGE, VADALI

Near Railway Crossing, Khedbramha-Vadali Highway,
At: Vadali, Dist: Sabarkantha
Pin Code No : 383235
Phone/Fax No : 02778 220075
Mobile No.: 9427487245
Email : gccvadali@gmail.com
Estd:2008

# NATIONAL SERVICE SCHEME

## (N.S.S)

# રાષ્ટ્રીય સેવા યોજના

## અહેવાલ

# શૈક્ષણિક વર્ષ :2021-2022

પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆ
N.S.S. પ્રોગ્રામ ઓફિસર
સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી
Mo. 9687157287
Email : shailbaria3885@gmail.com

ડૉ. કેસરીસિંહ એસ. પરમાર
આચાર્યશ્રી
સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી
Mo.: 9427487245
Email : kesarisinhparmar@gmail.com

# JULY-2021

તારીખ: 03/07/2021 : શનિવાર    વૃક્ષારોપણ કાર્યક્રમ

## વૃક્ષારોપણ કાર્યક્રમ : વરતોલ ગામ

તારીખ: **16/07/2021** ને શનિવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના **(NSS)** યુનિટ તથા સપ્તધારાની સામુદાયિક સેવા ધારા અંતર્ગત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણના સબ-સેન્ટર, ખેડબ્રહ્મા-વડાલી કેમ્પસના પ્રાંગણમાં કુલપતિશ્રી ડૉ.જે.જે. વોરા સાહેબ, રજિસ્ટ્રારશ્રી કે.કે. પટેલ સાહેબ, વડાલી તાલુકા ધારાસભ્યશ્રી તખતસિંહ હડિયોલ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'વૃક્ષરોપણ કાર્યક્રમ' યોજાયો હતો. જેમાં સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષ એસ. બારીઆ, પ્રા. પરેશ એસ. ખેતલ તથા પ્રા. ડૉ. ગુરુપ્રકાશ ઝેડ. સિંહ દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણના સબ-સેન્ટર, ખેડબ્રહ્મા-વડાલી કેમ્પસના પ્રાંગણમાં વિવિધ પ્રકારના વૃક્ષો અને ફૂલ-છોડ વાવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **10** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **05** વિદ્યાર્થીનિઓએ તથા **05** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.






તારીખ: **11/07/2021** : રવિવાર — વિશ્વ વસ્તી દિવસ

## ઓનલાઈન વ્યાખ્યાન

તારીખ: **11/07/2021** ને રવિવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના **(NSS) યુનિટ** તથા સપ્તધારાની સામુદાયિક સેવા ધારા તેમજ જ્ઞાન ધારા અંતર્ગત '**વિશ્વ વસ્તી દિવસ**'**ની** ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ.ગુરુપ્રકાશ ઝેડ. સિંહ દ્વારા એક '**વસ્તી-વિષયક માહિતી**' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન **Microsoft Teams App** પર **PowerPoint Presentation**

દ્વારા આપવામાં આવ્યું હતું તથા N.S.S. પ્રોગ્રામ ઓફિસર અને સપ્તધારાના અધ્યક્ષ પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆએ **'વિશ્વ વસ્તી દિવસનો ઈતિહાસ અને તેના વિવિધ થીમ'** ઉપર એક ઓનલાઈન વ્યાખ્યાન **Teams App** પર **PowerPoint Presentation** દ્વારા આપ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **45** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **23** વિદ્યાર્થીનિઓએ તથા **22** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.

## તારીખ: 11/07/2021 : રવિવાર — વિશ્વ વસ્તી દિવસ

## ONLINE QUIZ સ્પર્ધા

તારીખ: **11/07/2021** ને રવિવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના **(NSS) યુનિટ** તથા સપ્તધારાની સામુદાયિક સેવા ધારા તેમજ જ્ઞાન ધારા અંતર્ગત **'વિશ્વ વસ્તી દિવસ'ની** ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ.ગુરૂપ્રકાશ ઝેડ. સિંહ તથા N.S.S. પ્રોગ્રામ ઓફિસર અને સપ્તધારાના અધ્યક્ષ પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆએ **'વિશ્વ વસ્તી દિવસ'**ના ઉપલક્ષમાં **ONLINE QUIZ** નું આયોજન કર્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **89** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **47** વિદ્યાર્થીનિઓએ તથા **42** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.

### 'વિશ્વ વસ્તી દિવસ" ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| પ્રથમ | સાનિયા ઉમરદિન લુહાર | B.Com. Sem-5 | 04 | 25/25 |
| દ્વિતીય | સુજલ ભગવાનભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 15 | 24/25 |
| તૃતીય | વિભૂતિ દિલીપભાઈ પટેલ | B.Com. Sem-5 | 09 | 23/25 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

તારીખ: **11/07/2021** : રવિવાર

વિશ્વ વસ્તી દિવસ

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા

તારીખ: **11/07/2021** ને રવિવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) **યુનિટ** તથા સપ્તધારાની સામુદાયિક સેવા ધારા તેમજ રંગ, કલા, કૌશલ્ય ધારા ધારા અંતર્ગત '**વિશ્વ વસ્તી દિવસ**'ના ઉપલક્ષમાં **N.S.S.** પ્રોગ્રામ ઓફિસર અને સપ્તધારાના અધ્યક્ષ પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆએ દ્વારા તારીખ:12/07/2021 ને સોમવારના રોજ એક **POSTER MAKING** સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કોલેજ વડાલીના કુલ **30** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **17** વિદ્યાર્થીનિઓએ તથા **13** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.



## પોસ્ટર મેકિંગ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | વિભૂતિ દિલીપભાઈ પટેલ | B.Com. Sem-5 | 09 |
| દ્વિતીય | સાક્ષી મહાવીરકુમાર મેહતા | B.Com. Sem-3 | 21 |
| તૃતીય | અલસિફા ફઝલભાઈ મેમણ | B.Com. Sem-5 | 07 |
| | અવની અશ્વિનભાઈ પટેલ | B.Com. Sem-3 | 29 |




સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

તારીખ: 16/07/2021 : શુક્રવાર **વૃક્ષારોપણ કાર્યક્રમ**

## વૃક્ષારોપણ કાર્યક્રમ : વરતોલ ગામ

તારીખ: **16/07/2021** ને શુક્રવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ તથા સપ્તધારાની સામુદાયિક સેવા ધારા અંતર્ગત વરતોલ ગામમાં **N.S.S.** પ્રોગ્રામ ઓફિસર અને સપ્તધારાના અધ્યક્ષ પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆ પ્રા. ડૉ. ગુરુપ્રકાશ ઝેડ. સિંહ તથા N.S.S. સ્વયંસેવકોએ સાથે શિવ મંદિરના પ્રાંગણમાં "વૃક્ષારોપણ કાર્યક્રમ" આયોજિત કર્યો હતો. જેમાં તેઓએ વિવિધ પ્રકારના વૃક્ષો અને ફૂલ-છોડ વાવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં સરકારી વાણિજ્ય કોલેજ વડાલીના કુલ 10 વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.






**તારીખ:24/07/2021** **ગુરૂ પૂર્ણિમા પર્વની ઉજવણી**

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં તારીખ : **24/07/2021**ના રોજ **સપ્તધારાની "સામુદાયિક ધારા"** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ** અંતર્ગત "ગુરુ પૂર્ણિમા પર્વ"ની ઉજવણી કરવામાં આવી હતી. જેમા N.S.S. સ્વયસેવકો દ્વારા સસ્થામા ભારતીય પરપરાગત ગુરુવદન, આચાર્ય વદન અને માતૃ-પિતૃ વંદન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ તથા NSS સ્વયંસેવકોએ આચાર્યશ્રી, વંદનીય ગુરુજનોનું અબીલ, ગુલાલ, કંકુ અને ફૂલથી સ્વાગત કર્યુ હતું. તથા ગુરુ વંદનાના ગીતો અને વકતવ્યથી સમગ્ર કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. સંસ્થાના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે તથા અધ્યાપકોએ વિદ્યાર્થીઓને જીવનમાં ગુરુનું સ્થાન અને તેના મહત્વ વિશે સમજાવ્યુ હતું તથા આશિર્વચન પાઠવ્યા હતા. પ્રસ્તુત ઉજવણીમાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **52** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **32** વિદ્યાર્થીનિઓએ તથા **20** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.





**તારીખ: 26/07/2021** **કારગીલ વિજય દિવસ**

તારીખ: **26/07/2021** ને સોમવારના રોજ **સપ્તધારાની "સામુદાયિક ધારા"** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ** અંતર્ગત **'કારગીલ વિજય દિવસ'**ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ.ગુરુપ્રકાશ ઝેડ. સિંહ તથા N.S.S. પ્રોગ્રામ ઓફિસર અને સપ્તધારાના અધ્યક્ષ પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆએ **'કારગીલ વિજય દિવસ'**ના ઉપલક્ષમાં **OFFLINE QUIZ** નું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં કુલ **78** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **40** વિદ્યાર્થીનિઓએ તથા **38** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.

## 'કારગીલ વિજય દિવસ" ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| પ્રથમ | સુજલ ભગવાનભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 15 | 20/20 |
| દ્વિતીય | નિશા રમેશભાઈ ભોઈ | B.Com. Sem-5 | 14 | 19/20 |
| તૃતીય | સાનિયા ઉમરદિન લુહાર | B.Com. Sem-5 | 04 | 18/20 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# AUGUST-2021

**તારીખ: 01/08/2021 : રવિવાર** **જ્ઞાન શક્તિ દિવસ**

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં તારીખ : **01/08/2021** ને રવિવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ તથા સપ્તધારાની જ્ઞાનધારા** અંતર્ગત **"આઝાદીના અમૃત મહોત્સવ"** અને **"એક ભારત શ્રેષ્ઠ ભારત" (EBSB)** ના સંયુક્ત ઉપક્રમે **"જ્ઞાન શક્તિ દિવસ"**ની ઉજવણી કરવામાં આવી. "જ્ઞાન શક્તિ દિવસ" ની ઉજવણીના ભાગરૂપે **N.S.S.** પ્રોગ્રામ ઓફિસર તથા સપ્તધારાના કો-ઓર્ડીનેટર પ્રાધ્યાપક શૈલેષકુમાર એસ. બારીઆએ એક આંતર કૉલેજ **"સમાન્ય જ્ઞાન બહુવિકલ્પ પ્રશ્ન"** સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

સ્પર્ધાના નિયમો આ મુજબ હતા.

- પ્રસ્તુત સ્પર્ધામાં સામાન્ય જ્ઞાનના કુલ 25 પ્રશ્નોની એક કસોટી **(TEST)** હતી.
- કસોટી **(TEST)** ના તમામ પ્રશ્નો બહુ વિકલ્પ પ્રકારના (MCQs) પ્રશ્નો હતા.
- કસોટી **(TEST)** ની ભાષા અંગ્રેજી રાખવામાં આવી હતી..
- કસોટી **(TEST)** ના દરેક પ્રશ્નદીઠ ૨ ગુણ ફાળવવામાં આવ્યો હતો.
- કુલ 50 ગુણની આ કસોટી (TEST) હતી.
- આ કસોટી **(TEST)** ઓનલાઈન (ONLINE) માધ્યમથી GOOGLE FORMS દ્વારા લેવામાં આવી હતી.
- પ્રસ્તુત કસોટીમાં પાસ થવા માટે **60%** ગુણ નિર્ધારિત કરવામાં આવ્યા હતા.
- **60%** ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને **E-CERTIFICATE** મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.
- પ્રસ્તુત કસોટી **(TEST)**માં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર પ્રથમ **ત્રણ (03)** વિદ્યાર્થીઓને કૉલેજ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

પ્રસ્તુત કસોટીમાં ગુજરાતની વિવિધ કૉલેજના થઈને કુલ **53** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **24** વિદ્યાર્થીનિઓએ તથા **29** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાંથી સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ નીચે મુજબ હતા.

## "સમાન્ય જ્ઞાન બહુવિકલ્પ પ્રશ્ન" સ્પર્ધાનું પરિણામ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ (50 માંથી) |
|---|---|---|---|---|
| પ્રથમ | વેલીશા હિતેશકુમાર કડિયા | B.COM. SEM-5 | 20 | 44 |
| દ્વિતીય | જીતુકુમાર લલિતકુમાર જૈન | B.COM. SEM-3 | 05 | 38 |
| તૃતીય | કુલદીપ શાંતિલાલ જોશી | B.COM. SEM-3 | 26 | 36 |
| | કાજલ રમેશભાઈ ભોઈ | B.COM. SEM-3 | 23 | |
| | મીના સુરેન્દ્રસિંહ ખટાણા | B.COM. SEM-5 | 21 | |
| | નિશા રમેશભાઈ ભોઈ | B.COM. SEM-5 | 14 | |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.






## તારીખ : 02/08/2021 થી તારીખ 07/08/2021

## "આઝાદીના અમૃત મહોત્સવ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત"(EBSB)ની ઉજવણી સંદર્ભે વિવિધ સ્પર્ધાઓ

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી દ્વારા "આઝાદીના અમૃત મહોત્સવ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત"**(EBSB)**ની ઉજવણીના ભાગરૂપે **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S)** યુનિટ તથા **સપ્તધારા** દ્વારા તારીખ: **02/08/2021ને** સોમવારથી તારીખ: **07/08/2021ને** શનિવાર દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરેલ હતું જેનો વિગતવાર કાર્યક્રમ આ મુજબ હતો.

તારીખવાર કાર્યક્રમ :

| અનુક્રમ નંબર | સ્પર્ધાનું નામ | તારીખ |
| --- | --- | --- |
| 1 | છત્તીસગઢ રાજ્ય વિશેની બહુવિકલ્પ્ય પ્રશ્નોની કસોટી શ્રેણી<br>**(MCQ TEST SERIES ON CHHATTISGARH STATE)**<br>**(TOTAL THREE TEST)** | તા.02/08/2021<br>થી<br>તા.04/08/2021 |

| | | |
|---|---|---|
| 2 | છત્તીસગઢ રાજ્ય વિશે નિબંધ લેખન સ્પર્ધા<br>**(ESSAY WRITING COMPETITION on CHHATTISGARH STATE)** | તા.05/08/2021 |
| 3 | પોસ્ટર મેકિંગ સ્પર્ધા (છત્તીસગઢ રાજ્યની સંસ્કૃતિ, વારસો અને સ્થળો)<br>**(POSTER MAKING COMPETITION ON CHHATTISGARH CULTURE, HERITAGE AND PLACES)** | તા.07/08/2021 |

## તારીખ : 02/08/2021 થી તારીખ 07/08/2021

## સ્પર્ધા-૧ : છત્તીસગઢ રાજ્ય વિશેની બહુવિકલ્પ્ય પ્રશ્નોની કસોટી શ્રેણી

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી દ્વારા **"આઝાદીના અમૃત મહોત્સવ"** અને **"એક ભારત શ્રેષ્ઠ ભારત"(EBSB)**ની ઉજવણીના ભાગરૂપે **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ** તથા **સપ્તધારાની જ્ઞાન ધારા** દ્વારા તારીખ:**02/08/2021ને** સોમવારથી તારીખ: **04/08/2021ને** બુધવાર દરમિયાન **'છત્તીસગઢ રાજ્ય વિશેની બહુવિકલ્પ્ય પ્રશ્નોની કસોટી શ્રેણી'** આયોજિત કરવામાં આવી હતી. જેમાં કુલ ત્રણ કસોટીઓ લેવામાં આવી હતી. પ્રસ્તુત કસોટીઓની રચના **N.S.S.** પ્રોગ્રામ ઓફિસર તથા સપ્તધારાના કો-ઓર્ડીનેટર પ્રાધ્યાપક શૈલેષકુમાર એસ. બારીઆ દ્વારા કરવામાં આવી હતી જ્યારે આ કસોટીઓના સંચાલનનું કાર્ય પ્રા. પરેશ એસ. બેતલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કસોટીમાં કૉલેજના કુલ **55** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **35** વિદ્યાર્થીનિઓએ તથા **20** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

### 'છત્તીસગઢ રાજ્ય વિશેની બહુવિકલ્પ્ય પ્રશ્નોની કસોટી શ્રેણી' સ્પર્ધાનું પરિણામ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ (50 માંથી) |
|---|---|---|---|---|
| પ્રથમ | વિભૂતિ દિપકભાઇ પટેલ | B.Com. Sem-5 | 09 | 34 |
| દ્વિતીય | કમલેશકુમાર કાળુભાઈ પ્રજાપત | B.Com. Sem-5 | 11 | 32 |
| | રિદ્ધિબેન અશોકકુમાર પંચાલ | B.Com. Sem-5 | 08 | |
| તૃતીય | સાનિયા ઉમરદિન લુહાર | B.Com. Sem-5 | 04 | 30 |
| | રીતુબેન રાજેશકુમાર ચૌધરી | B.Com. Sem-5 | 17 | |

### પ્રસંશા પ્રમાણપત્ર વિજેતા

| અનુક્રમ નંબર | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ (50 માંથી) |
|---|---|---|---|---|
| 1 | નિશાબેન રમેશભાઈ ભોઈ | B.Com. Sem-5 | 14 | 29 |
| 2 | ધવલ ભદ્રેશભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 16 | |
| 3 | દિવ્યાંશ અનિલકુમાર શાહ | B.Com. Sem-5 | 12 | 26 |
| 4 | કૃતિબેન કલ્પેશકુમાર પોકાર | B.Com. Sem-3 | 15 | |




સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.





## તારીખ: 05/08/2021 — સ્પર્ધા-૨ : નિબંધ લેખન સ્પર્ધા

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી દ્વારા **"આઝાદીના અમૃત મહોત્સવ"** અને **"એક ભારત શ્રેષ્ઠ ભારત"(EBSB)**ની ઉજવણીના ભાગરૂપે **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ** તથા **સપ્તધારાની સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ ધારા** દ્વારા તારીખ: **05/08/2021** ના રોજ **'છત્તીસગઢ રાજ્ય વિશે નિબંધ લેખન સ્પર્ધા'** આયોજિત કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ વિષયો તથા નિયમો રાખવામાં આવ્યા હતા.

**Topics for Essay Writing Competition:**

**(In English)**

1) Chhattisgarh : Culture and Heritage
2) Chhattisgarh : Historical point of view
3) Chhattisgarh : State Demography and challenges

**(हिंदी में)**

१) छतीसगढ़ : संस्कृति और विरासत
२) छतीसगढ़ : ऐतिहासिक द्रष्टिकोण
३) छतीसगढ़ : राज्य जनसांख्यिकीय जानकारी और चुनोतिया

**(ગુજરાતીમાં)**

1) છત્તીસગઢ : સંસ્કૃતિ અને વારસો
2) છત્તીસગઢ : ઐતિહાસિક દ્રષ્ટિકોણ
3) છત્તીસગઢ : રાજ્ય વસ્તીવિષયક માહિતી અને પડકારો

**નિબંધ લેખન અંગેના નિયમો :**

1) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકી કોઈ પણ એક ભાષામાં નિબંધ લખવાનો રહેશે.
2) નિબંધ ઓછામાં ઓછા **1,000** અને વધુમાં વધુ **1,200** શબ્દોમાં લખવાનો રહેશે.
3) નિબંધ સ્વ-હસ્તાક્ષરોમાં લખવાનો રહેશે. ટાઇપ કરેલું લખાણ કે પ્રિન્ટ કરેલું લખાણ માન્ય ગણવામાં આવશે નહિ.
4) નિબંધમાં ભાષાના, વ્યાકરણના નિયમો ધ્યાનમાં લેવામાં આવશે.
5) નિબંધમાં અક્ષરોની સુઘડતા, આપની લેખનશૈલી, રજૂઆતની અસરકારકતા ચકાસવામાં આવશે.
6) નિબંધ ઘરેથી લખીને લાવવાનો રહેશે.

7) નિબંધ પ્રોજેક્ટ પેપરમાં લખવાનો રહેશે.

8) વિદ્યાર્થીએ પોતાનું નામ, સેમેસ્ટર, પોતાનો રોલ નંબર અને તારીખ ખાસ લખવાની રહેશે.

9) નિબંધ જમા કરાવવાની અંતિમ તારીખ : **05/08/2021** છે.

10) પ્રથમ ત્રણ (03) ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

પ્રસ્તુત સ્પર્ધામાં કૉલેજની કુલ **05** વિદ્યાર્થીનિઓએ ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

## 'છત્તીસગઢ રાજ્ય વિશેની નિબંધ' સ્પર્ધાનું પરિણામ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | નિશા રમેશભાઈ ભોઈ | B.COM.SEM-5 | 14 |
| દ્વિતીય | અલ્સીફા જાવેદભાઈ મેમણ | B.COM.SEM-5 | 06 |
| | વિભૂતિ દીપકભાઈ પટેલ | B.COM.SEM-5 | 09 |
| તૃતીય | સાનિયા ઉમરદિન લુહાર | B.COM.SEM-5 | 04 |
| | દિવ્યાબેન ખીમજીભાઈ દરજી | B.COM.SEM-3 | 24 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.



## તારીખ: 07/08/2021 સ્પર્ધા-૩ : પોસ્ટર મેકિંગ સ્પર્ધા

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી દ્વારા "આઝાદીના અમૃત મહોત્સવ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત"(EBSB)ની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ તથા સપ્તધારાની રંગ, કલા, કૌશલ્ય ધારા દ્વારા તારીખ: 07/08/2021 ના રોજ છત્તીસગઢ રાજ્યની સંસ્કૃતિ, વારસો અને સ્થળો વિશે પોસ્ટર મેકિંગ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ વિષયો તથા નિયમો રાખવામાં આવ્યા હતા.

વિષય : છત્તીસગઢ રાજ્યની સંસ્કૃતિ, વારસો અને સ્થળો

નિયમો :

1) પોસ્ટર માટેનો કાગળ અને પોસ્ટર માટેના રંગ કૉલેજ તરફથી આપવામાં આવશે.
2) વિદ્યાર્થી ઈચ્છે તો પોસ્ટરમાં માટેના કલર સ્વયં લાવી શકે છે.
3) પોસ્ટર કૉલેજમાં બનાવવાનું રહેશે, ઘરેથી બનાવીને લાવવાનું નથી.
4) પોસ્ટર બનાવવા માટે ૨ કલાક નો સમય આપવામાં આવશે.
5) પોસ્ટરમાં છત્તીસગઢ રાજ્ય માટે એક ટેગ લાઈન (TAG LINE) પણ લખવાની રહેશે.
6) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

7) પ્રથમ ત્રણ (03) ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

પ્રસ્તુત સ્પર્ધામાં કૉલેજના કુલ 25 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ 20 વિદ્યાર્થીનિઓએ તથા 05 વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

## 'છત્તીસગઢ રાજ્ય વિશેની પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું પરિણામ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | અવની અશ્વિનભાઈ પટેલ | B.COM. SEM-3 | 29 |
| દ્વિતીય | અલ્શીફા જાવેદભાઈ મેમણ | B.COM. SEM-5 | 06 |
| તૃતીય | વેલીશા હિતેશકુમાર કડિયા | B.COM. SEM-5 | 20 |

પ્રસંશા પ્રમાણપત્ર

(CERTIFICATE FOR APPRECIATION)

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| 1 | સાક્ષી મહાવીરકુમાર મહેતા | B.COM. SEM-3 | 09 |
| 2 | હિમાંશી જગદીશભાઈ નાયી | B.COM. SEM-5 | 07 |
| 3 | કૃતિબેન કલ્પેશકુમાર પોકાર | B.COM. SEM-3 | 15 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

**તારીખ : 09/08/2021 થી 14/08/2021** **યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગ**

## સાબર ડેરી, હિંમતનગર મુલાકાત

તારીખ : **09/08/2021** થી તારીખ : **14/08/2021**દરમિયાન અત્રેની કૉલેજ ખાતે, **સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ** તથા **સાબર ડેરી, હિંમતનગર** તથા અત્રેની સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના **સપ્તધારા પ્રકલ્પ** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ**ના સંયુક્ત ઉપક્રમે સાત (07) દિવસીય "**જિલ્લા યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગ**"નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં માસ્ટર ટ્રેઈનર તરીકે **શ્રી કિરણ ચાંપાનેરી** સાહેબશ્રીએ વિદ્યાર્થીઓને સહકારી સંઘ,

સહકારી પ્રવુત્તિઓ, સહકારી ક્ષેત્રમાં રોજગારી વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તારીખ : **13/08/2021** ના રોજ સાબર ડેરી, હિંમતનગરની મુલાકાત પણ વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી. જ્યાં ડેરીની કામગીરી જીવંત માધ્યમથી વિદ્યાર્થીઓએ નિહાળી હતી.



**તારીખ : 09/08/2021 થી 14/08/2021** **યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગ**

## સહકારી ક્ષેત્ર ઉપર 'વકતૃત્વ સ્પર્ધા'

તારીખ : **09/08/2021** થી તારીખ : **14/08/2021**દરમિયાન અત્રેની કૉલેજ ખાતે **સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ** તથા **સાબર ડેરી, હિંમતનગર** તથા અત્રેની સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના **સપ્તધારા પ્રકલ્પ** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S)** યુનિટના સંયુક્ત ઉપક્રમે સાત **(07)** દિવસીય **'જિલ્લા યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગ'**નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં માસ્ટર ટ્રેઈનર તરીકે **શ્રી કિરણ ચાપાનેરી** સાહેબશ્રીએ વિદ્યાર્થીઓને સહકારી સંઘ, સહકારી પ્રવુત્તિઓ, સહકારી ક્ષેત્રમાં રોજગારી વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તારીખ : **14/08/2021** ના રોજ વિદ્યાર્થીઓ માટે સહકારી ક્ષેત્ર ઉપર **'વકતૃત્વ સ્પર્ધા'** યોજવામાં આવી હતી. પ્રસ્તુત સ્પર્ધામાં કૉલેજના કુલ **10** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **05** વિદ્યાર્થીનિઓએ તથા **05** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.જેમાં કૉલેજના સેમેસ્ટર-5 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી

સુજલ ચૌધરી પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા જેમને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.







## ગુજરાતી ફકરો રૂપાંતર સ્પર્ધા

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી દ્વારા "આઝાદીના અમૃત મહોત્સવ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત"(EBSB)ની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ તથા સપ્તધારાની સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ ધારા દ્વારા તારીખ: 09/08/2021 ના રોજ ગુજરાતી ફકરો રૂપાંતર સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ ફકરો આપવામાં આવ્યો હતો

પ્રતિષ્ઠા અને અધિકારોની દૃષ્ટિએ સર્વ માનવો જન્મથી સ્વતંત્ર અને સમાન હોય છે. તેમનામાં વિચારશક્તિ અને અંતઃકરણ હોય છે અને તેમણે પરસ્પર બંધુત્વની ભાવનાથી વર્તવું જોઇએ દરેક વ્યક્તિને જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય અથવા બીજા અભિપ્રાય, રાષ્ટ્રીય અથવા સામાજિક ઉદ્ભવસ્થાન, મિલકત, જન્મ અથવા મોભા જેવા કોઇપણ જાતના ભેદભાવ વગર આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલા સઘળા અધિકારો અને સ્વતંત્રતા ભોગવવાનો હક્ક છે. વધુમાં કોઇપણ વ્યક્તિ તે સ્વતંત્ર, ટ્રસ્ટ હેઠળના સ્વશાસન હેઠળ ન હોય તેવા અથવા સાર્વભામત્વની બીજી કોઇપણ મર્યાદા હેઠળ આવેલા દેશ અથવા પ્રદેશની હોય તો પણ રાજકીયઅથવા આંતરરાષ્ટ્રીય મોભાના ધોરણે તેની સાથે કોઇપણ ભેદભાવ રાખવામાં આવશે નહિ.

પ્રસ્તુત સ્પર્ધામાં કોલેજના કુલ 41 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ 25 વિદ્યાર્થીનિઓએ તથા 16 વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. જેમાં નીચે મુજબના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| 1 | દેવાંશી મનોરકુમાર ગઢવી | B.COM. SEM-5 | 07 |
| 2 | સુજલકુમાર ભગવાનભાઇ ચૌધરી | B.COM. SEM-5 | 02 |
| 3 | સાક્ષીકુમારી કોમલસિંહ વાઘેલા | B.COM. SEM-3 | 22 |



**DATE : 12/08/2021** "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ"ની ઉજવણી

## "સુડોકુ સમ્રાટ સ્પર્ધા"

સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીમાં તારીખ : 22/12/2021 ના રોજ સપ્તધારાની "જ્ઞાન ધારા" તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S)** યુનિટ અંતર્ગત **"આંતરરાષ્ટ્રીય યુવા દિવસ"**ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત ઉજવણીમાં વિદ્યાર્થીઓ માટે **"સુડોકુ સમ્રાટ સ્પર્ધા"** નું આયોજન કરવામાં આવ્યું હતું. સુડોકુ સ્પર્ધામાં પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કોલેજ વડાલીના કુલ **25** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **16** વિદ્યાર્થીનિઓએ તથા **09** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.પ્રસ્તુત સ્પર્ધામાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

## "સુડોકુ સમ્રાટ સ્પર્ધા" વિજેતા વિદ્યાર્થીઓ

| RANK | Name of student | SEMESTER | TIME |
|---|---|---|---|
| 1ST | કૃપા મહેન્દ્રભાઈ પટેલ | B.COM. SEM 3 | 12 Minutes |
| 2nd | અવની અશ્વિનભાઈ પટેલ | B.COM. SEM-3 | 29 Minutes |
| 3rd | દિવ્યાબેન ખીમજીભાઈ દરજી | B.COM. SEM-3 | 30Minutes |

**તારીખ: 15/08/2021 : રવિવાર** "75 માં સ્વતંત્રતા દિવસ" ની ઉજવણી

સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીમાં તારીખ : 15/08/2021 ના રોજ **સપ્તધારાની "સામુદાયિક સેવા ધારા"** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ, આઝાદી કા અમૃત મહોત્સવ** તથા "શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" અંતર્ગત **"75 માં સ્વતંત્રતા દિવસ"** ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજમાં વડાલી શહેરના નિવૃત્ત આર્મી જવાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. નિવૃત્ત આર્મી જવાનોએ કોલેજ પ્રાંગણમાં ધ્વજવંદન કર્યું હતું. ભારતના શહીદોના માનમાં દેશભક્તિ ગીતોની પ્રસ્તુતિ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. સાથે-સાથે આર્મી જવાનોએ દેશની સરહદ પરની સ્થિતિ અને જવાનોના કર્તવ્યો સમજાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે કોલેજના આચાર્યશ્રી દ્વારા સ્વતંત્રતા દિવસના ઉપલક્ષમાં વક્તવ્ય આપી વિદ્યાર્થીઓ અને આર્મી જવાનોને આશિર્વચન પાઠવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં કોલેજના કુલ **46** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **19** વિદ્યાર્થીનિઓએ તથા **28** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. સાથે-સાથે પ્રસ્તુત કાર્યક્રમમાં આચાર્યશ્રી સહીત કુલ **05** શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ તથા કુલ **10** બિન-શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ પણ ભાગ લીધો હતો.






તારીખ: 15/08/2021 : રવિવાર "75 માં સ્વતંત્રતા દિવસ"

# વૃક્ષારોપણ કાર્યક્રમ

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમા તારીખ : 15/08/2021 ના રોજ **સપ્તધારાની "સામુદાયિક સેવા ધારા"** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ**, **આઝાદી કા અમૃત મહોત્સવ** તથા **"શ્રેષ્ઠ ભારત કે પ્રાંચ પ્રકલ્પ"** અંતર્ગત **"75 માં સ્વતંત્રતા દિવસ"** ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબ, શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન બેચના વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજ કેમ્પસમાં કુલ **05** જુદા-જુદા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ દરમ્યાન COVID-19 ની મહામારીને ધ્યાનમાં રાખીને SOCIAL DISTANCEનું પાલન કરવવામાં આવ્યું હતું. તથા COVID-19 ની માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના કુલ **46** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **19** વિદ્યાર્થીનિઓએ તથા **28** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. સાથે-સાથે પ્રસ્તુત કાર્યક્રમમાં આચાર્યશ્રી સહીત કુલ **05** શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ તથા કુલ **10** બિન-શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ પણ ભાગ લીધો હતો.



**તારીખ: 19/08/2021** **"વિશ્વ ફોટોગ્રાફી દિવસ"ની ઉજવણી**

**"BEST NATURE PHOTOGRAPHY COMPETITION"**

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં તારીખ : 19/08/2021 ગુરુવારના રોજ **સપ્તધારાની "રંગ, કલા, કૌશલ્ય ધારા"** તથા રાષ્ટ્રીય સેવા યોજના **(N.S.S) યુનિટ** તથા **આઝાદી કા અમૃત મહોત્સવ** તથા "શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" અંતર્ગત **"વિશ્વ ફોટોગ્રાફી દિવસ"** ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત ઉજવણીમાં કૉલેજમાં **"BEST NATURE PHOTOGRAPHY COMPETITION"** યોજવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના કુલ **10** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **04** વિદ્યાર્થીનિઓએ તથા **06** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સ્પર્ધામાં અતિથિ વિશેષશ્રી ઉદયકુમાર આર. ભટ્ટ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. પ્રસ્તુત સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | રુદ્રરાજસિંહ કાળુસિંહ વાઘેલા | B.Com. Sem-5 | 23 |
| દ્વિતીય | નેનસીબેન કમલેશભાઈ પટેલ | B.Com.Sem-3 | 14 |
| તૃતીય | દિવ્યાબેન ખીમજીભાઈ દરજી | B.Com. Sem-3 | 25 |






તારીખ : 23/08/2021 **શ્રી મેઘાણીના ગીતોની પઠન સ્પર્ધા**

## "રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી" ની જન્મ જયંતીની ઉજવણી

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં તારીખ : 23/08/2021 સોમવારના રોજ **સપ્તધારાની "ગીત-સંગીત નૃત્ય ધારા"** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ** તથા **આઝાદી કા અમૃત મહોત્સવ** તથા **"શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત **"રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી"** ની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત ઉજવણીમાં કૉલેજમાં **શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોની પઠન સ્પર્ધા** રાખવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના કુલ **10** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **08** વિદ્યાર્થીનિઓએ તથા **02** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. સાથે-સાથે પ્રસ્તુત કાર્યક્રમમાં આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર, પ્રા. શૈલેશકુમાર એસ. બારીઆ અને મુલાકાતી વ્યાખ્યાતા કુ. ગીરીબાલા પરમાર મેડમે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. પ્રસ્તુત સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

## ઝવેરચંદ મેઘાણીના ગીતોનું પઠન સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | કમલેશકુમાર કાળુભાઈ પ્રજાપત | B.Com. Sem-5 | 11 |
| દ્વિતીય | વિભૂતિ દીપકભાઈ પટેલ | B.Com.Sem-5 | 09 |
| તૃતીય | કુલદીપ શાંતિલાલ જોશી | B.Com. Sem-5 | 26 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# GOVERNMENT COMMERCE COLLEGE, VADALI

## N.S.S & SAPTDHARA

*Organizes*

# POETRY RECITATION COMPETITION



ON

NATIONAL SHAYAR

ZAVERCHAND MEGHANI

23RD, AUGUST, 2021

आज़ादी का
अमृत महोत्सव

SAPTDHARA COORDINATIOR
PROF. SHAILESH S. BARIA

PRINCIPAL
DR. KESARISINH. S. PARMAR






**તારીખ: 27/08/2021** **કેમ્પસ સફાઈ કાર્યક્રમ**

તારીખ: 27/08/2021 ને શુક્રવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT**, **સપ્તધારાની 'સામુદાયિક સેવા ધારા"** **તથા** **'આઝાદી કા અમૃત મહોત્સવ'** **તથા** **"શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત કૉલેજ કેમ્પસમાં **'કેમ્પસ સફાઈ અભિયાન'** કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓએ કૉલેજ કેમ્પસમાં ઊગેલ બિનજરૂરી ઘાસ, બિનજરૂરી વનસ્પતિઓ, કાગળ કચરો, પ્લાસ્ટિક કચરો વગેરેની સાફસફાઈ કરી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં

કૉલેજના કુલ 46 એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓ જેમાં 26 વિદ્યાર્થીનીઓ તથા 20 વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો તથા 04 અધ્યાપકોએ ભાગ લીધો હતો.





# SEPTEMBER-2021

**તારીખ : 04/09/2021** **શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોની ગાયન સ્પર્ધા**

## "રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી" ની જન્મ જયંતીની ઉજવણી

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીમાં તારીખ : 04/09/2021 ના રોજ **સપ્તધારાની "ગીત-સંગીત નૃત્ય ધારા"** તથા **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) યુનિટ** તથા **આઝાદી કા અમૃત મહોત્સવ** તથા "શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" અંતર્ગત **"રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી"** ની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત ઉજવણીમાં કૉલેજમાં **શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોની ગાયન સ્પર્ધા** આયોજિત કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના કુલ **10** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **08** વિદ્યાર્થીનિઓએ તથા **02** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. સાથે-સાથે પ્રસ્તુત કાર્યક્રમમાં આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર, પ્રા. પરેશ એસ. ખેતલ અને મુલાકાતી વ્યાખ્યાતા કુ. ગીરીબાલા પરમાર મેડમે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. પ્રસ્તુત સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

## શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોનું પઠન સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | કૃતિ કલ્પેશભાઈ પોકાર | B.Com. Sem-3 | 15 |
| દ્વિતીય | હિમાંશી જગદીશભાઈ નાથી | B.Com. Sem-5 | 07 |
| તૃતીય | અલ્સીફા જાવેદભાઈ મેમણ | B.Com. Sem-5 | 06 |





સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

**તારીખ: 05/09/2021 : રવિવાર** **શિક્ષક દિવસ**

## ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણનના જીવન આધારિત ક્વિઝ સ્પર્ધા

તારીખ: 05/09/2021 ને રવિવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT**, સપ્તધારાની 'જ્ઞાન ધારા" તથા **'આઝાદી કા અમૃત મહોત્સવ'** તથા **"શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત **'ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ એટલે કે 'શિક્ષક દિન'**ની ઉજવણીના ભાગરૂપે **QUIZ** સ્પર્ધા

તારીખ : 06/09/2021 ના રોજ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણનના જીવનમાંથી 20 બહુ વિકલ્પ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.કુલ 20 ગુણની આ સ્પર્ધા હતી. પ્રસ્તુત સ્પર્ધામાં કૉલેજના કૉલેજમાં કુલ 67 વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં કુલ 37 વિદ્યાર્થીનિઓએ તથા 30 વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

## 'ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણનના જીવન આધારિત ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| વિજેતા | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| પ્રથમ | સુજલ ભગવાનભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 15 | 19/20 |
| દ્વિતીય | ધવલ ભરેશભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 16 | 17/20 |
| તૃતીય | વિભૂતિ દીપકભાઈ પટેલ | B.Com. Sem-5 | 09 | 16/20 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

તારીખ: 05/09/2021 : રવિવાર શિક્ષક દિવસ

## એક દિવસના શિક્ષક બનવાની સ્પર્ધા

તારીખ: 05/09/2021 ને રવિવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT**, સપ્તધારાની 'જ્ઞાન ધારા' તથા 'આઝાદી કા અમૃત મહોત્સવ' તથા "શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" અંતર્ગત '**ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ એટલે કે 'શિક્ષક દિન'**ની ઉજવણીના ભાગરૂપે તારીખ : 06/09/2021 ના રોજ વિદ્યાર્થી તથા N.S.S. સ્વયંસેવકો દ્વારા **"એક દિવસના શિક્ષક બનવાની સ્પર્ધા"** પણ યોજવામાં આવી હતી. કૉલેજમાં કુલ 17 વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં કુલ 10 વિદ્યાર્થીનિઓએ તથા 07 વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ પૈકી બી.કોમ. સેમેસ્ટર-5 ના વિદ્યાર્થી સુજલ ભગવાનભાઈ ચૌધરી કૉલેજના આચાર્યશ્રી તથા બી.કોમ. સેમેસ્ટર-5 ના વિદ્યાર્થી ઝાલા પ્રદીપસિંહ દ્વિતીય આચાર્યશ્રી બન્યા હતા તથા અન્ય વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી હતી.



**શિક્ષક દિવસ સ્પર્ધાનું પરિણામ**

| વિજેતા ક્રમ | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| **પ્રથમ** | **દેવાંશી મનોરકુમાર ગઢવી** | **B.COM. SEM-3** | **02** |
| **દ્વિતીય** | **અવની અશ્વિનભાઈ પટેલ** | **B.COM SEM-3** | **29** |
| **તૃતીય** | **હિમાંશી જગદીશભાઈ નાયી** | **B.COM. SEM-5** | **07** |
| | **પૂજા મુકેશભાઈ માળી** | **B.COM. SEM-3** | **05** |

પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **17** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **10** વિદ્યાર્થીનિઓએ તથા **07** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

**તારીખ: 09/09/2021** **કેમ્પસ સફાઈ કાર્યક્રમ**

તારીખ: 09/09/2021 ને ગુરુવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT, સપ્તધારાની 'સામુદાયિક સેવા ધારા", 'આઝાદી કા અમૃત મહોત્સવ' તથા "શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત કૉલેજ કેમ્પસમાં 'કેમ્પસ સફાઈ અભિયાન' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો

પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના કુલ **10** એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓએ તથા **03** અધ્યાપકોએ ભાગ લીધો હતો.





**તારીખ: 13/09/2021** **કેમ્પસ સફાઈ કાર્યક્રમ**

તારીખ: 13/09/2021 ને સોમવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT, સપ્તધારાની 'સામુદાયિક સેવા ધારા", 'આઝાદી કા અમૃત મહોત્સવ' તથા "શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત કૉલેજ કેમ્પસમાં **'કેમ્પસ સફાઈ અભિયાન'** કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો

પ્રસ્તુત કાર્યક્રમમાં કૉલેજના કુલ **35** એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓ જેમાં **20** વિદ્યાર્થીનીઓ તથા **15** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો તથા **03** અધ્યાપકોએ ભાગ લીધો હતો.





**તારીખ: 14/09/2021 : મંગળવાર** **હિન્દી દિવસ**

## 'સ્વ-રચિત કવિતા સ્પર્ધા'

તારીખ: **14/09/2021** ને મંગળવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT,** સપ્તધારાની 'સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ ધારા' અંતર્ગત 'હિન્દી દિવસ' ની ઉજવણીના ભાગરૂપે

કૉલેજમાં 'સ્વ-રચિત કવિતા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધાનું આયોજન કૉલેજના N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શૈલેષકુમાર એસ. બારીઆએ કર્યું હતું.

**સ્પર્ધાના નિયમો આ મુજબ હતા.**

- કવિતાની ભાષા હિન્દી હોવી જોઈએ.
- કવિતા સ્વરચિત હોવી જોઈએ. કોઈ પણ અન્ય કવિની રચના હોવી જોઈએ નહિ.
- કવિતાના વિષયો આ મુજબ **"પ્રકૃતિ"**, **"પરિશુદ્ધ પ્રેમ"**, **"રાધાકૃષ્ણ"**, **"મિત્રતા"**, **"સંબંધ"** , **"માતા-પિતા"**.
- કોઈ પણ વિદ્યાર્થી એક કરતા વધારે વિષયો પર એક કરતા વધારે કવિતાઓ મોકલી શકે છે.
- કવિતા અત્યંત લાંબી અને અત્યંત ટૂંકી હોવી જોઈએ.
- કવિતામાં હિન્દી ભાષાની સજ્જતા હોવી આવશ્યક છે.
- વ્યાકરણ ના દ્રષ્ટિકોણ થી પણ કવિતા યોગ્ય હોવી જોઈએ.
- કવિતા કિસી કાગજ પર લખવાની છે. જેના પર વિદ્યાર્થીનું નામ, સેમેસ્ટર, રોલ નંબર લખવો આવશ્યક છે.
- પ્રથમ ૩ વિજેતાઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **11** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **10** વિદ્યાર્થીનિઓએ તથા **01** વિદ્યાર્થી ભાઈએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સ્પર્ધામાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

**'સ્વ-રચિત કવિતા સ્પર્ધા'ના વિજેતા વિદ્યાર્થીઓ**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | બી.કોમ સેમેસ્ટર | રોલ નંબર |
|---|---|---|---|
| પ્રથમ | સુજલ ભગવાનભાઈ ચૌધરી | **B.COM-SEM-5** | **15** |
| દ્વિતીય | વિભૂતિ દીપકભાઈ પટેલ | **B.COM-SEM-5** | **09** |
| તૃતીય | સાનિયા ઉમરહિન લુહાર | **B.COM-SEM-5** | **04** |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

**તારીખ: 15/09/2021 : બુધવાર** **એન.એસ.એસ. ઓરિએન્ટેશન**

તારીખ: 15/09/2021ને બુધવાર રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT** દ્વારા **N.S.S. ORIENTATION PROGRAMME** યોજવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ પરમાર સાહેબે વિદ્યાર્થીઓને **N.S.S.** નો ઈતિહાસ, તેનો ઉદભવ તેના ઉદ્દેશ્યો, N.S.S. અંતર્ગત થતી પ્રવૃત્તિઓ અને તેના લોગો **(LOGO)** ની સમજ POWERPOINT PRESENTATION દ્વારા આપી હતી. ત્યાર બાદ NSS પ્રોગ્રામ ઓફિસર અધ્યાપક શૈલેષકુમાર એસ. બારીઆએ POWERPOINT PRESENTATION દ્વારા N.S.S.ની વિવિધ પ્રવૃત્તિઓ અને ભૂતકાળના વર્ષોમાં થયેલા N.S.S. કેમ્પ અને તેના ફોટોગ્રાફ્સ દર્શાવીને વિદ્યાર્થીઓને અભિપ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓને N.S.S. અંતર્ગત થતી પ્રવૃત્તિઓ તથા **N.S.S.** અંતર્ગત વિદ્યાર્થી કક્ષાએ મળતા એવોર્ડ અંગેની માહિતી આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા અને અભિપ્રેરિત કર્યા હતા. પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **110** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **58** વિદ્યાર્થીનિઓએ તથા **52** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપક પરેશ એસ. ભેતલ સાહેબે કર્યું હતું અને આભારવિધિનું કાર્ય ડૉ. ગુરૂપ્રકાશ ઝેડ. સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

**(ઓરીએન્ટેશનનો ફોટો મુકવો)**

**તારીખ: 24/09/2021: શુક્રવાર** **NSS સ્થાપના દિવસ**

તારીખ : 24/09/2021ને શુક્રવારના રોજ અત્રેની કૉલેજમાં **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) UNIT** તરફથી **"NSS સ્થાપના દિવસ"** નિમિત્તે કૉલેજમાં **"વૃક્ષારોપણ કાર્યક્રમ"**નું તથા ***"OFFLINE QUIZ COMPETITION ON NSS PROGRAM"*** નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમની શરૂઆત સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ.કેસરીસિંહ એસ. પરમાર સાહેબે કૉલેજના અધ્યાપક મિત્રો સાથે વૃક્ષ રોપીને કરી હતી. ત્યારબાદ કૉલેજના NSS સ્વયંસેવક વિદ્યાર્થીઓએ કૉલેજના પ્રાંગણમાં વિવિધ જગ્યાએ વૃક્ષો વાવી તેનું જતન કરવાની

જવાબદારી સ્વીકારી હતી. કૉલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તમામ સ્ટાફ મિત્રો એ કૉલેજ કેમ્પસમાં વૃક્ષો વાવી NSS સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

પ્રસ્તુત કાર્યક્રમમાં COVID-19 ની મહામારીને ધ્યાનમાં લઇ SOCIAL DISTANCINGનું પાલન કરતા કુલ **05** વિદ્યાર્થીઓ તથા તમામ સ્ટાફ પરિવાર સહીત સર્વેએ કૉલેજ કેમ્પસમાં વૃક્ષો વાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ.કેસરીસિંહ એસ. પરમાર સાહેબ તથા NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી શૈલેશકુમાર એસ. બારીઆ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

સાથે સાથે સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી કૉલેજ તરફથી આજ રોજ NSS સ્થાપના દિવસ નિમિત્તે એક ***"ONLINE QUIZ COMPETITION ON NSS PROGRAM"*** નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **20** પ્રશ્નોની ઓનલાઈન QUIZ **N.S.S. પ્રોગ્રામ** પર રાખવામાં આવી હતી. આ સ્પર્ધા કૉલેજ વિદ્યાર્થીઓ તથા અન્ય કૉલેજના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી હતી. જે google link દ્વારા યોજવામાં આવી હતી. ઓનલાઈન QUIZ ની રચના કૉલેજના N.S.S. પ્રોગ્રામ ઓફિસરશ્રી શૈલેશકુમાર એસ. બારીઆ સાહેબે કૉલેજના આચાર્યશ્રી ડૉ.કેસરીસિંહ એસ. પરમાર સાહેબના માર્ગદર્શન હેઠળ કરી હતી.

સ્પર્ધાના નિયમો આ મુજબ હતા

- પ્રસ્તુત સ્પર્ધામાં N.S.S. પ્રોગ્રામ અંગેના કુલ **20** પ્રશ્નો હતા
- તમામ પ્રશ્નો બહુ વિકલ્પ પ્રકારના **(MCQs)** પ્રશ્નો હતા.
- **Quiz** સ્પર્ધાની ભાષા અંગ્રેજી રાખવામાં આવી
- દરેક પ્રશ્ન દીઠ એક **(01)** ગુણ ફાળવેલ હતો.
- કુલ **20** ગુણની આ **Quiz** સ્પર્ધા હતી

પ્રસ્તુત સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કૉલેજ વડાલીના કુલ **97** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **56** વિદ્યાર્થીનિઓએ તથા **41** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.પ્રસ્તુત સ્પર્ધામાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

## N.S.S. સ્થાપના દિવસ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | રોલ નંબર | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| પ્રથમ | કુલદીપ શાંતિલાલ જોશી | B.Com. Sem-5 | 26 | 20/20 |
| દ્વિતીય | પૂજા મુકેશભાઈ દરજી | B.Com. Sem-3 | 03 | 19/20 |
| તૃતીય | સુજલ ભગવાનભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 15 | 18/20 |

સરકારી વાણિજ્ય કોલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# OCTOBER-2021

**તારીખ: 02/10/2021 : શનિવાર** **152મી ગાંધી જયંતી**

તારીખ: 02/10/2021 ને શનિવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) યુનિટ, સપ્તધારાની 'સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ ધારા', '75 વર્ષ આઝાદી કા અમૃત મહોત્સવ'** તથા **"શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત **"152મી ગાંધી જયંતી"**ની ઉજવણીના ભાગરૂપે એક **નિબંધ સ્પર્ધા** યોજવામાં આવી હતી. પ્રસ્તુત નિબંધ સ્પર્ધા ત્રણ જુદી-જુદી ભાષાઓ એટલે કે ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં યોજવામાં આવી હતી જેમાં નિબંધના ટોપિક નીચે મુજબ હતા.

**Topics for Essay Writing Competition:**

**(In English)**

1) Mahatma Gandhi : An Apostle of Peace and Non-Violence
2) How Relevant is Mahatma Today?
3) If Mahatma Gandhiji were alive today!
4) Mahatma Gandhiji's Contribution to Education.

**(हिंदी में)**

1) महात्मा गांधीजी : सत्य और अहिंसा के पुजारी
2) सम्प्रत समय में गांधीजी कितने प्रासंगिक है?
3) अगर महात्मा गांधीजी आज जिंदा होते।
4) महात्मा गांधीजी का शिक्षा में योगदान.

(ગુજરાતીમાં)

1) મહાત્મા ગાંધીજી : સત્ય અને અહિંસાના પુજારી
2) સાંપ્રતસમયમાં મહાત્મા ગાંધીજી કેટલા સુસંગત છે.
3) જો મહાત્મા ગાંધીજી આજે જીવતા હોત ।
4) મહાત્મા મહાત્મા ગાંધીજીનું શિક્ષણમાં યોગદાન

નિયમો :

**નિબંધ લેખન અંગેના નિયમો નીચે મુજબ હતા.**

1) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકી કોઈ પણ એક ભાષામાં નિબંધ લખવાનો રહેશે.
2) નિબંધ ઓછામાં ઓછા **1,000** અને વધુમાં વધુ **1,200** શબ્દોમાં લખવાનો રહેશે.
3) નિબંધ સ્વ-હસ્તાક્ષરોમાં લખવાનો રહેશે. ટાઇપ કરેલું લખાણ કે પ્રિન્ટ કરેલું લખાણ માન્ય ગણવામાં આવશે નહિ.
4) નિબંધમાં ભાષાના, વ્યાકરણના નિયમો ધ્યાનમાં લેવામાં આવશે.
5) નિબંધમાં અક્ષરોની સુઘડતા, આપની લેખનશૈલી, રજૂઆતની અસરકારકતા ચકાસવામાં આવશે.
6) નિબંધ ઘરેથી લખીને લાવવાનો રહેશે.
7) નિબંધ પ્રોજેક્ટ પેપરમાં લખવાનો રહેશે.
8) વિદ્યાર્થીએ પોતાનું નામ, સેમેસ્ટર, પોતાનો રોલ નંબર અન તારીખ ખાસ લખવાની રહેશે.
9) નિબંધ જમા કરાવવાની અંતિમ તારીખ : **05/10/2021** રહેશે.
10) પ્રથમ ત્રણ (03) ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

પ્રસ્તુત નિબંધ સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કોલેજ વડાલીના કુલ **10** વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ **08** વિદ્યાર્થીનિઓએ તથા **02** વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો.પ્રસ્તુત સ્પર્ધામાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

## 152 મી ગાંધી જયંતી નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | મેળવેલ ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | વિભૂતિ દિપકભાઇ પટેલ | B.Com. Sem-5 | 09 |

| | | | |
|---|---|---|---|
| દ્વિતીય | સુજલ ભગવાનભાઈ ચૌધરી | B.Com. Sem-5 | 15 |
| તૃતીય | પૂજા મુકેશભાઈ દરજી | B.Com. Sem-3 | 03 |

સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના આચાર્યશ્રી ડૉ. કેસરીસિંહ એસ. પરમાર સાહેબે સૌ વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## તારીખ: 02/10/2021 — 152મી ગાંધી જયંતી

તારીખ: 02/10/2021 ને શનિવારના રોજ **રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) યુનિટ, સપ્તધારાની 'જ્ઞાન ધારા ધારા', '75 વર્ષ આઝાદી કા અમૃત મહોત્સવ'** તથા **"શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** અંતર્ગત **"152મી ગાંધી જયંતી"**ની ઉજવણીના ભાગરૂપે મહાત્મા ગાંધીજીના જીવન પર **QUIZ** સ્પર્ધા યોજવામાં આવી હતી.

સ્પર્ધાના નિયમો આ મુજબ હતા.

